# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તાઃ ૦૮–૪– ૨૦૧૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## "સુરત ઓટો એક્ષ્પો–૨૦૧૧" નો શુભારંભ સમારંભ યોજાયો

સુરતઃ ધી સધર્ન ગૂજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ધ્વારા તા. ૮ થી ૧૧ એપ્રિલ ૨૦૧૧ દરમ્યાન યોજાનાર ગુજરાતના પ્રથમ ઓટો પ્રદર્શન**'સુરત ઓટો એક્ષ્પો–૨૦૧૧'** નો શુભારંભ સમારંભ ધી સુરત ઈન્ટરનેશનલ એકિઝબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર,સરસાણામાં યોજાયો હતો..

આ સમારંભના અધ્યક્ષ અને ઉદઘાટક તરીકે રાજયના માનનિય આદીજાતી કલ્યાણ તથા વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે રાજયસભાના સુરતના સંસદસભ્યશ્રી પ્રવિણભાઈ નાયક,સાંસદશ્રી સી.આર.પાટીલ,સાંસદ શ્રીમતી દર્શના જરદોશ તેમજ વિશેષ અતિથિ તરીકે એસબીઆઈ નાચીફ જનરલ મેનેજરશ્રી પી.નંદકુમારન અને ફાડા ના ડિરેકટર જનરલ શ્રી એસ.પી.શાહ ખાસ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખ ડૉ. અજોય ભટ્ટાચાર્યએ આમંત્રિત મહાનુભાવોનું સ્વાગત કરી આવકાર વકતવ્યમાં કહયું હતું કે, સુરતના મુખ્ય ઉદ્યોગો તરીકે અત્યાર સુધી ટેક્ષ્ટાઈલ અને ડાયમન્ડનું સ્થાન મહત્વનું રહયું છે પરંતુ જયારે બે વર્ષ અગાઉ વૈશ્વિક મંદીનો દોર આવ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે સુરતમાં અન્ય ઉદ્યોગોને પણ પ્રોત્સાહન આપવું જરૂરી છે અને એટલે જ ચેમ્બરે આ વર્ષે નવા ક્ષેત્રોના પ્રદર્શનો યોજવાનું નક્કી કર્યું હતું અને કુલ આઠ પ્રદર્શનો પૈકીના છઠ્ઠા પ્રદર્શનનો આજે શુભારંભ થઈ રહયો છે એ આનંદની બાબત છે.આ પ્રદર્શન પણ સફળતા હાંસલ કરશે એવો મને વિશ્વાસ છે.

૨...

સુરત ઓટો એક્ષ્પો–૨૦૧૧' ના કન્વીનર શ્રી ધીરેન થરનારીએ પ્રદર્શનના આયોજન વિશેની જાણકારી આપી હતી.પ્રદર્શનના આયોજનમાં સહભાગી થનારાઓ તથા એકિઝબિટર્સને આવકાર આપ્યો હતો.

સમારંભના મુખ્ય મહેમાન તથા પ્રદર્શનના ઉદઘાટક રાજયના આદિજાતી કલ્યાણ તથ વન અને પર્યાવરણ મંત્રી શ્રી મંગુભાઈ પટેલે પોતાના વકતવ્યના આરંભમાં ચેમ્બરના આ આયોજન બદલ અભિનંદન આપતા કહયું હતુ કે,સુરતે છેલ્લા દસ પંદર વર્ષમાં જે પ્રગતિ સાધી છે એ નોંધપાત્ર છે.આ એકિઝબિશન સેન્ટર સુરતનું ઘરેણું છે.સુરતમાં ગજબની ખરીદશકિત છે.સુરતમાં આ પ્રકારનું પ્રથમ પ્રદર્શન યોજીને ચેમ્બરે જે પહેલ કરી છે તે જરૂરથી સફળ થશે એવો મને ભરોસો છે.

સમારંભમાં ઉપસ્થિત ફેડરેશન ઓફ ઓટો ડીલર્સ એસોસિયેશનના ડિરેકટર જનરલ શ્રી એસ.પી.શાહે પ્રાસંગિક વકતવ્યમાં ચેમ્બરના આ પ્રયાસને બિરદાવીને ઓટોક્ષેત્ર માટે ઉપયોગી પ્રોત્સાહન આપતા રહેવા અપીલ કરી હતી.ઓટો ક્ષેત્રમાં ભારતને ઘણી તકો છે અને ભાવી ઘણુ સારૂ છે.

સમારંભના વિશેષ મહેમાન એસબીઆઈના ચીફ જનરલ મેનેજર શ્રી પી.નંદકુમારન તથા જેટ્રોના ડિરેકટર જનરલ શ્રી નાઓયુકી માએકાવા તથા સંસદ સભ્ય શ્રી સી.આર.પાટીલ,રાજયસભાના સાંસદ શ્રી પ્રવિણભાઈ નાયકતથા સાંસદ શ્રીમતી દર્શના જરદોશે પ્રાસંગિક વકતવ્યો રજૂ કર્યા હતા.
કાર્યક્રમના અંતે ઉપ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ આભારવિધિ આટોપી હતી.